# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 29-09-2025 MIDDAY: 1.20 TO 1.30
Day : MONDAY National News

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

****************************************************

1. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આંતરિક અને બાહ્ય સુરક્ષા પડકારોનો સામનો કરવા માટે વાસ્તવિક સમયની તૈયારીની જરૂરિયાત પર ભાર મૂક્યો.
2. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને બિહારના નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ ત્રણ અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનો સહિત 7 ટ્રેનોને પ્રસ્થાન કરાવ્યુ.
3. છેલ્લા 10 વર્ષમાં દૂધનું ઉત્પાદન 63 ટકા વધીને ૨૩૯ મિલિયન ટન થયું
4. સંયુક્ત રાષ્ટ્રએ ઈરાન પર ફરીથી પ્રતિબંધો લાદવાની જાહેરાત કરી
5. આજે નવરાત્રીનો સાતમો દિવસ, મહાસપ્તમીની ઉજવણી કરાઈ રહી છે.

……………………………………………………………………

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

## EARLY- RAJNATH - COMMANDERS CONF

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે આંતરિક અને બાહ્ય સુરક્ષા પડકારોનો સામનો કરવા માટે વાસ્તવિક સમયની તૈયારીની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

આજે નવી દિલ્હીમાં ભારતીય કોસ્ટ ગાર્ડ કમાન્ડર્સ કોન્ફરન્સમાં સંબોધન કરતા શ્રી સિંહે કહ્યું કે, સંરક્ષણ દળોએ બહુપરીમાણીય સુરક્ષા જોખમોનો સામનો કરવા માટે તૈયાર રહેવું જોઈએ.

આજના સમયમાં પડકારો વધુ ગતિશીલ હોવાથી તેમણે સ્વચાલિત પ્રતિભાવ પ્રણાલીઓને એકીકૃત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. ઇલેક્ટ્રોનિક યુદ્ધ આજે એક વાસ્તવિકતા બની ગયું હોવાનું તેમણે કહ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## VAISHNAW - BIHAR TRAINS

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને બિહારના નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ આજે બિહાર માટે ત્રણ અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનો સહિત સાત ટ્રેનોને પ્રસ્થાન કરાવ્યુ.

ત્રણ અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનો મુઝફ્ફરપુરથી ચારલાપલ્લી, દરભંગાથી મદાર જંકશન અને છાપરાથી આનંદ વિહાર ટર્મિનલને જોડશે. રેલવે મંત્રી નવી દિલ્હીથી વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા આ કાર્યક્રમમાં જોડાયા હતા, જ્યારે નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ પટણા જંકશનથી ટ્રેનોને લીલી ઝંડી આપી હતી.

આ સાથે ચાર નવી પેસેન્જર ટ્રેનો નવાદા, ઇસ્લામપુર, બક્સર અને ઝાઝા સહિતના મુખ્ય શહેરોને જોડે છે. બિહારમાં ત્રણ નવી અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનો શરૂ થવાથી રાજ્યની કનેક્ટિવિટીમાં વધુ સુધારો થશે.

કેન્દ્રીય રેલવે મંત્રીએ કહ્યું હતું કે હવે બિહારના બજેટમાં વધારો કરાયો છે.

(બાઇટ- અશ્વિની વૈષ્ણવ, કેન્દ્રીય રેલવેમંત્રી)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## BJP OFFICE INAUGURATION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હી ભાજપ કાર્યાલયનું ઉદ્ઘાટન કરશે. દિલ્હી ભાજપ પ્રમુખ વીરેન્દ્ર સચદેવાએ જણાવ્યું હતું કે નવું કાર્યાલય ફક્ત કાર્યસ્થળ નથી પરંતુ મૂલ્યોનું કેન્દ્ર છે જ્યાં કાર્યકરોમાં પાર્ટીની સંસ્કૃતિ અને ભાવનાનું પોષણ થાય છે.

આ ઉદ્ઘાટન સમારોહ દરમિયાન, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જગત પ્રકાશ નડ્ડા, દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા, વરિષ્ઠ નેતાઓ, સાંસદો, ધારાસભ્યો, કાઉન્સિલરો, કેન્દ્રીય મંત્રીઓ અને હજારો પાર્ટી કાર્યકર્તાઓ પણ હાજર રહેશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## GOVT - MILK PRODUCTION

દેશમાં દૂધનું ઉત્પાદન છેલ્લા દસ વર્ષમાં 146 મિલિયન ટનથી વધીને 239 મિલિયન ટનથી વધુ થયું છે. ભારત વૈશ્વિક દૂધ ઉત્પાદનમાં પ્રથમ સ્થાન ધરાવે છે અને વિશ્વના પુરવઠામાં લગભગ એક ચતુર્થાંશ ફાળો આપે છે.

મત્સ્યઉદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલયે જણાવ્યું હતું કે હાલમાં, ડેરી રાષ્ટ્રીય અર્થતંત્રમાં પાંચ ટકા યોગદાન આપી રહી છે અને આઠ કરોડથી વધુ ખેડૂતોને સીધી રોજગારી આપે છે.

છેલ્લા દાયકામાં દેશમાં દરેક વ્યક્તિ માટે દૂધની ઉપલબ્ધતામાં પણ વધારો થયો છે. 2023-24માં પ્રતિ વ્યક્તિ 471 ગ્રામથી વધુ સાથે, પ્રતિ વ્યક્તિ 322ગ્રામની વિશ્વ સરેરાશ કરતાં ઘણી વધારે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## JITENDRA - ASPIRATIONAL DISTRICT

વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે કહ્યું છે કે જમ્મુ કાશ્મીરના કિશ્તવાડ જિલ્લાને પીએમ ધન ધાન્ય કૃષિ યોજના હેઠળ મહત્વાકાંક્ષી કૃષિ જિલ્લા તરીકે પસંદ કરવામાં આવ્યો છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં ડૉ. સિંહે કહ્યું કે, આનાથી કૃષિ ક્ષેત્રની સાથે આ વિસ્તારમાં કૃષિ ઉદ્યોગસાહસિકોને પણ પ્રોત્સાહન મળશે. ઉલ્લેખનીય છે કે સરકારે કેન્દ્રીય બજેટ 2025-26માં છ વર્ષ માટે 100 મહત્વાકાંક્ષી કૃષિ જિલ્લાઓ વિકસાવવાની જાહેરાત કરી હતી. પીએમ ધન ધાન્ય કૃષિ યોજનાનું ઔપચારિક લોન્ચિંગ ઓક્ટોબરમાં થવાની શક્યતા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## SRI LANKA- HC

શ્રીલંકામાં ભારતના હાઈ કમિશનર સંતોષ ઝાએ કહ્યું છે કે કોલંબોમાં સ્વામી વિવેકાનંદ સાંસ્કૃતિક કેન્દ્ર માટે આ ગર્વની ક્ષણ છે, જેમણે ડૉ. ભૂપેન હજારિકાના ગીતને શ્રીલંકાની સત્તાવાર ભાષાઓમાં અનુવાદિત

કરવાના પ્રયાસોની પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મન કી બાત દરમિયાન પ્રશંસા કરી હતી.

પ્રધાનમંત્રી મોદીએ ડૉ. ભૂપેન હજારિકાને શ્રદ્ધાંજલિ આપી હતી અને પ્રખ્યાત ગીત "મનુહે મનુહર બાબે" ના સિંહલા અને તમિલ ગીતો વગાડ્યા હતા, જેને ઘણીવાર માનવતાનું ગીત કહેવામાં આવે છે.

આકાશવાણી સાથે વિશેષ વાત કરતા શ્રી ઝાએ જણાવ્યું હતું કે આ ગીતો ડૉ. હજારિકાના જન્મ શતાબ્દી ઉજવણી પ્રસંગે રજૂ કરવામાં આવ્યા હતા અને શ્રીલંકાના કલાકારો દ્વારા તેનું ભાષાંતર અને રજૂઆત કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

............

## NADDA-CONCLAVE

દેશભરમાં સ્વસ્થ નારી સશક્ત પરિવાર અભિયાન હેઠળ, અત્યાર સુધીમાં 9 લાખથી વધુ આરોગ્ય શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે. આજે નવી દિલ્હીમાં એક ખાનગી ન્યૂઝ ચેનલ દ્વારા આયોજિત આરોગ્ય સંમેલનમાં બોલતા કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે.પી. નડ્ડાએ આમ  જણાવ્યું હતું.  તેમણે ઉલ્લેખ કર્યો હતો કે 3 કરોડ 6 લાખથી વધુ લોકોની અત્યાર સુધીમાં તપાસ કરવામાં આવી છે અને 2 ઓક્ટોબર સુધીમાં આ સંખ્યા ચાર કરોડને પાર થવાની શક્યતા છે.

............................

## PUNJAB POLICE HELPLINE

**પંજાબ પોલીસે ધાકધમકી, ખંડણી અને ગુનાખોરી સંબંધિત પ્રવૃત્તિઓ સહિત સંગઠિત ગુનાઓની જાણ કરવા માટે ટોલ-ફ્રી હેલ્પલાઇન  શરૂ કરી છે.**

**આ અંગે રાજ્ય પોલીસ વડા ગૌરવ યાદવે કહ્યું હતું કે આ હેલ્પલાઇન પર મળતી દરેક માહિતીને ઉચ્ચતમ સ્તરની ગુપ્તતા સાથે ગણવામાં આવશે, અને ફોન કરનારાઓની ઓળખ સુરક્ષિત રાખવામાં આવશે.**

**તેમણે જનતાને કોઈપણ ભય કે ખચકાટ વિના આવી કોઈપણ ઘટનાની જાણ કરવા અપીલ કરી છે જેથી પંજાબને સુરક્ષિત બનાવવામાં મદદ મળી શકે.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

**REV. IMD-WEATHER**

ભારતીય હવામાન વિભાગે આજે સૌરાષ્ટ્ર, કચ્છ, ગુજરાત, કોંકણ, ગોવા અને મધ્ય મહારાષ્ટ્રમાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે.

આગામી 2-3 દિવસ દરમિયાન આંદામાન અને નિકોબાર ટાપુઓ, છત્તીસગઢ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરાના કેટલાક ભાગોમાં પણ હળવો થી મધ્યમ વરસાદ પડવાની શક્યતા છે.

હવામાન વિભાગે આજે આંધ્રપ્રદેશ, ગુજરાત, બિહાર, ઝારખંડ, મધ્યપ્રદેશ, ઓડિશા, આંદામાન અને નિકોબાર ટાપુઓ, તેલંગાણા, પશ્ચિમ બંગાળ અને સિક્કિમના કેટલાક ભાગોમાં વાવાઝોડા અને વીજળી પડવાની આગાહી કરી છે.

આગામી 4-5 દિવસ દરમિયાન આ પ્રદેશોમાં પણ આવી જ હવામાન સ્થિતિ રહેવાની ધારણા છે.

--------------

## UN SANCTION REACTIVATION

**સંયુક્ત રાષ્ટ્રએ ઈરાન પર પ્રતિબંધો ફરીથી લાદવાની પુષ્ટિ કરી છે. સુરક્ષા પરિષદના ઠરાવ 1737 હેઠળ અગાઉ પ્રતિબંધિત 43 વ્યક્તિઓ અને 78 સંસ્થાઓની યાદી ફરીથી સક્રિય કરવામાં આવી છે. આ પગલું ગયા મહિને ફ્રાન્સ, બ્રિટન અને જર્મની દ્વારા સ્નેપબેક મિકેનિઝમની ઔપચારિક વિનંતી બાદ લેવામાં આવ્યું છે.**

**જો કે ઈરાને તેના પર તાજેતરના ઇઝરાયલી અને અમેરિકન હુમલાઓના જવાબમાં પરમાણુ દેખરેખ કામગીરી સ્થગિત કરી દીધી છે. વધતા સંઘર્ષ છતાં, ઈરાનના રાષ્ટ્રપતિએ ઈરાનનો પરમાણુ શસ્ત્રો વિકસાવવાનો કોઈ ઈરાદો નહીં હોવાની પુનઃપુષ્ટિ કરી છે.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## ISRAEL-LEBANON

ઇઝરાયલી યુદ્ધવિમાનોએ ગઈકાલે દક્ષિણ લેબનોનમાં હિઝબુલ્લાહના સ્થળોને નિશાન બનાવ્યા હતા.

અહેવાલો અનુસાર, ઇઝરાયલી વિમાનોએ કફર રેમેન અને અલ-જારમાકની આસપાસના વિસ્તારોમાં અનેક હુમલા કર્યા હતા, જેમાં હવાથી જમીન પર માર કરતી મિસાઇલો છોડવામાં આવી હતી જેનાથી શક્તિશાળી વિસ્ફોટ થયા હતા. ઇઝરાયલી સૈન્યએ જણાવ્યું હતું કે તેના દળોએ હિઝબુલ્લાહ દ્વારા ઉપયોગમાં લેવાતા શસ્ત્રોના ડેપો પર હુમલો કર્યો હતો.

ગયા વર્ષે સપ્ટેમ્બરમાં હિઝબુલ્લાહ અને ઇઝરાયલ વચ્ચે યુદ્ધવિરામ થયો હતો, જેના પરિણામે સંઘર્ષ દરમિયાન ચાર હજારથી વધુ લોકો મૃત્યુ પામ્યા હતા અને લગભગ 17 હજાર ઘાયલ થયા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MAHA SAPTAMI

આજે નવરાત્રીના સાતમા દિવસે, મહાસપ્તમી ઉજવવામાં આવી રહી છે. સપ્તમી પર સૌથી મહત્વપૂર્ણ ધાર્મિક વિધિઓમાંની એક કલાભૌ અથવા નબ પત્રિકા સ્નાન છે, જે દુર્ગા પૂજા ઉજવણીમાં વિશેષ સ્થાન

**ધરાવે છે. આંતરિક શક્તિ અને હિંમત પ્રદાન કરીને નકારાત્મકતાને દૂર કરવા મહાસપ્તમીની ઉજવણી થાય છે.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## TYPHOON BUALOI- VIETNAM

વિયેતનામમાં આવેલા વાવાઝોડા બુઆલોઈને કારણે ભારે નુકસાન થયું છે. વાવાઝોડાને કારણે આઠ લોકોના મોત જ્યારે 17 લોકો ગુમ થયા છે. વિયેતનામના હવામાન વિભાગના જણાવ્યા અનુસાર વાવાઝોડું બુઆલોઈ આજે વહેલી સવારે દેશના ઉત્તરીય મધ્ય દરિયાકાંઠા તરફ આગળ વધતાં આઠ મીટર જેટલા ઊંચા મોજા ઉછળ્યા હતા. જ્યારે ક્વાંગ ટ્રાઈ પ્રાંતમાં બે માછીમારી બોટ સાથે ઊંચા મોજા અથડાતા 17 માછીમારો ગુમ થયા હતા, જ્યારે બીજી માછીમારી બોટનો સંપર્ક તૂટી ગયો હતો. સરકારે 28 હજાર 500 થી વધુ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડ્યા હતા, જ્યારે મધ્ય પ્રાંતોમાં ચાર હવાઈમથક બંધ હોવાથી વિમાનસેવા અસરગ્રસ્ત થઈ હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .